Pranam

**AYMBIL NI OLI NI VIDHI**

## Wednesday 17th April 2013 till Thursday 25th April 2013

**During these 9 Days please try not to eat Roots Vegetables.**
**If we can't do Aymbil so at list we can try to eat One Rotli *without* Ghee or Butter.**

**All this nine days we worship of NAVKARMANTRA PADS one by one and do the within at Temple, due to time limits we can do this at home what ever we can.**

**During these nine days following things to be done and we can try to do at list one thing and be part of Aymbil Oli.**

**પંચપરમેષ્ઠિની પ્રધાનતા જેમાં છે; એવી શ્રી નવપદજીની આરાધના આસો અને ચૈત્ર માસ દરમ્યાન ઓળી દ્વારા કરવી જોઈએ. શ્રી શાશ્વતી નવપદજીની ઓળીની વિધિ નીચે મુજબ જાણવી.**

| ક્રમ | પદનું નામ | કાઉસ્સગ્ગ લોગસ્સમા | પ્રદક્ષિણા | ખમાસમણ | સ્વસ્તિક | વર્ણ અનુસાર ધાન્ય વર્ણન પદ | નવકારવાળી (૨૦) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી અરિહંત પદ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ચોખા | ૐ નમો અરિહંતાણં |
| ૨ | શ્રી સિદ્ધ પદ | ૮ | ૮ | ૮ | ૮ | ઘઉં | ૐ નમો સિદ્ધાણં |
| ૩ | શ્રી આચાર્ય પદ | ૩૬ | ૩૬ | ૩૬ | ૩૬ | ચણા | ૐ નમો આયરિયાણં |
| ૪ | શ્રી ઉપાધ્યાયપદ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | મગ | ૐ નમો ઉવજ્ઝાયાણં |
| ૫ | શ્રી સાધુ પદ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ | અડદ | ૐ નમો લોએ સવ્વસાહૂણં |
| ૬ | શ્રી દર્શન પદ | ૬૭ | ૬૭ | ૬૭ | ૬૭ | ચોખા | ૐ નમો દંસણસ્સ |
| ૭ | શ્રી જ્ઞાન પદ | ૫૧ | ૫૧ | ૫૧ | ૫૧ | ચોખા | ૐ નમો જ્ઞાનસ્સ |
| ૮ | શ્રી ચારિત્ર પદ | ૭૦ | ૭૦ | ૭૦ | ૭૦ | ચોખા | ૐ નમો ચારિત્તસ્સ |
| ૯ | શ્રી તપ પદ | ૫૦ | ૫૦ | ૫૦ | ૫૦ | ચોખા | ૐ નમો તવસ્સ |

શ્રી નવપદજીની આરાધના કરનાર યશ, કીર્તિ, ઋદ્ધિ, સિદ્ધિ અને સમૃદ્ધિ પામે છે અને નવપદજીની આરાધનાનું અંતિમ અને સંપૂર્ણ ફળ પરમપદ=મોક્ષની પ્રાપ્તિ છે.

### ષટ્ચક્ર






## શ્રી નવકારમંત્રના ધ્યાનથી સાત ચક્રો પ્રગટ થાય છે.

આપણા શરીરમાં ૭૨,૦૦૦ નાડી હોય છે. તેનું ઉત્પત્તિ સ્થાન (મૂળ-કંદ) જનનેન્દ્રિયથી બે આંગળ નીચે હોય છે. મૂળ-કંદમાંથી ઈડા- પીંગળા-અને સુષુમ્ણા- નામની ત્રણ નાડિયો નિકળતી હોય છે, જે અગત્યની છે. તેમાં સુષુમ્ણા નાડી મૂળાધાર ચક્ર થી બ્રહ્મારંધ્રચક્ર સુધી લંબાયેલી છે. તે લાલ રંગની હોય છે અને તેમાં 'વજ' નામની નાડી હોય છે. વજ-નાડીમાં 'ચિત્રા' નામની બીજી નાડી હોય છે. વજ્નાડી તેજસ્વી અને ચિત્રા નાડી સાત્ત્વિક હોય છે. તે ચિત્રા નાડીમાં એક (ખૂબ પતળી) નાડી હોય છે, તે બ્રહ્મનાડી કહેવાય છે. કુંડલીની જાગ્રત થાય ત્યારે બ્રહ્મનાડી મારફત મૂળાધાર થી સહસ્રાર તરફ આગળ વધે છે. આ બ્રહ્મનાડીમાં સાત ચક્ર ((૧) મૂળાધાર, (૨) સ્વાધિષ્ઠાન, (૩) મણીપુર,(૪) અનાહત, (૫) વિશુદ્ધ, (૬) આજ્ઞા અને (૭) સહસ્રાર ચક્ર) હોય છે. શ્રી નવકાર મંત્રના ઉચ્ચાર સાથે ૭૨,૦૦૦ નાડીમાં ચૈતન્ય શક્તિનો સંચાર થાય છે. શ્રી નવકારમંત્રથી અંતઃકરણ ઉપર અસર થાય છે.